# પેથાપુર મહુડી માર્ગને ફોરલેન કરવાનું કામ હવે વિજાપુર સુધી લંબાવાશે

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર પેથાપુર માર્ગને ફોરલેન કરવાનું કામ ચાલી રહયું છે. જયારે આ માર્ગને આગળ વિજાપુર સુધી ફોરલેન કરવાની મંજુરી આપી દેવાઈ છે. આ કામગીરી પાછળ રૂપિયા ૮ કરોડનો ખર્ચ થશે. પેથાપુર ભારણ વધી જતા છેલ્લા કેટલાક સમયથી માર્ગ સલામતી જોખમાઈ હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. જયારે ટ્રાફિકનું ભારણ વધતા આ માર્ગને ફોરલેન કરવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં રૂટમાં આવતા બ્રીજનું પણ કામ હાથ ધરાશે. માર્ગ વાઈડનીંગના ફોરલેન કરવાની મંજુરી વિભાગ કક્ષાએથી આપી દેવાઈ છે. જેથી આગામી દિવસોમાં ૮ કી મી નો આ રસ્તો પણ ફોરલેન કરવાનું કામ હાથ ધરાશે. વિભાગ કક્ષાએથી આ કામગીરી સંદર્ભે સૈધ્ધાંતિક મંજુરી આપી દેવાઈ છે. વિજાપુર સુધીના રસ્તાને ફોરલેન કરવા પાછળ રૂપિયા ૮ કરોડનો ખર્ચ થશે. પેથાપુર મહુડી માર્ગનું કામ પુરુ થતા હજુ બે મહિનાનો સમય લાગશે. જયારે આગળ પણ

## વધુ ૮ કિ મી ના રસ્તાને ફોરલેન કરવા વિભાગની મંજુરી રૂપિયા ૮ કરોડનો ખર્ચ થશે

મહુડી માર્ગને ફોરલેન કરવાનું કામ પણ આગામી ત્રણ મહિનામાં પૂર્ણ કરી દેવાશે.

ગાંધીનગર પેથાપુરના પ્રવાસન પથને ફોરલેન બનાવવાનું કામ પ્રગતિ હેઠળ છે. આ કામગીર પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. પ્રવાસન પથ તરીકે જાહેર કરાયેલા આ માર્ગ પર આમ પણ ટ્રાફિકનું કામને અનુલક્ષી સેંકડો વૃક્ષો પણ કાપવા પડયા છે. જયારે પ્રાથમિક તબક્કે આ કામગીરી મંજુરીના અભાવે વિલંબમાં પડી હતી. પરંતુ આખરે વન વિભાગ કક્ષાએથી લીલીઝંડી બતાવી દેવાતા પુરઝડપે કામ શરૂ કરી દેવાયું હતું. આ કામગીરી પૂર્ણતાના આરે છે. ત્યારે આ માર્ગના કામ સંદર્ભે વિજાપુર સુધી રસ્તાના કામને મંજુરી આપી દેવાતા ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. જેના લીધે આ માર્ગ પર રોડ સેફટીના મામલે સુરક્ષિત ચિત્ર ઉભુ થશે. પવિત્ર યાત્રાધામ મહુડીના લીધે આ વિસ્તારમાં વાહનોની અવર જવર વિશેષ રહેતી હોવાથી વધતા ટ્રાફિકના ભારણને ધ્યાને લઈ પ્રાજેકટને આગળ ધપાવવામાં આવ્યો છે.



મુસ્લિમ બિરાદરોના ઈબાદત માટેના પવિત્ર રમઝાન માસની શરૂઆત થતા પાટનગરમાં પણ મુસ્લિમ ભાઈ-બહેનો અને બાળકો રોઝા રાખી શ્રધ્ધાપૂર્વક ચૂસ્તપણે ઈબાદત કરતા અલગ જ માહોલ નજરે પડે છે. શહેરના મુસ્લિમો વહેલી સવારે ૪ કલાકે શહેરી કરી દિવસ દરમિયાન તકવા પરેજી સાથે રોઝા કરી સાંજે ૭ કલાકે ઈફતાર સમયે રોઝા છોડતા હોય છે. નમાઝ સમયે સે-૨૧ મસ્જીદમાં મુસ્લિમ ભાઈઓ નમાઝ અદા કરતા જોવા મળે છે. **(તસવીર : દિપક જાની)**

# બેંકોમાં પણ હવે બીજા-ચોથા શનિવારની રજા

## પહેલા અને ત્રીજા શનિવારે આખો દિવસ બેંકો ચાલુ રહેશે

ગાંધીનગર, તા.૩૦

સરકાર કચેરીઓની જેમ હવે બેંકોમાં પણ બીજા અને ચોથા શનિવારે કામકાજ નહીં થાય. બીજા અને ચોથા શનિવારની રજા સહિત મહિનાના ચાર રવિવારની રજા મળીને કુલ છ દિવસ બેંકોનું કામકાજ બંધ રહેશે. જો કે હવે પહેલા અને ત્રીજા શનિવારે આખો દિવસ બેંક ચાલુ રાખવી પડશે.

ઓલ ઈન્ડિયા બેન્કસ એમ્પ્લોઈઝ એસોસીએશન અને ઈન્ડિયન બેન્કસ એસોસીએશન વચ્ચે થયેલી સંધી અનુસાર હવે બેંકોમાં બીજા અને ચોથા શનિવારની રજા રહેશે. અત્યાર સુધી આ પ્રથા માત્ર સરકારી બેંકોમાં જ લાગુ હતી. બેંકોમાં દર શનિવારે અડધા દિવસ કામકાજ થતુ હતું. છેલ્લા ઘણા સમયથી બેંકના કર્મચારીઓ સરકારી કચેરીઓની જેમ બીજા અને ચોથા શનિવારની રજાની માંગણી કરી રહ્યા હતા. આ માંગણીને મંજુર કરવામાં આવી છે.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ૪ જૂનના રોજ બેંકોમાં આંતરિક સકયુલર કરીને બીજા અને ચોથા શનિવારે રજાના પ્રસ્તાવ પર મંજુરીની મહોર મારી છે અને આ પ્રસ્તાવ ૧૫ જુલાઈ પછીથી અમલી બનાવી શકાય તેવું જણાવ્યું છે. પરંતુ કેન્દ્ર સરકારે આ અંગે હજુ મંજુરી આપતું નોટીફીકેશન બહાર પાડયું નથી. જેના કારણે બેંકના કર્મચારીઓ મુંઝવણમાં છે. આ રજા કયારથી અમલી બનશે તેની સ્પષ્ટતા થઈ ન હોવાથી બેંકના કર્મચારીઓ ભારે મુંઝવણમાં જોવા મળી રહ્યા છે.

રિઝર્વ બેંક અને કેન્દ્ર સરકારને નામે ફરતા ખોટા વ્હોટસ એપ મેસેજોને કારણે બેંક કર્મચારીઓની મુંઝવણમાં વધારો થયો છે. એવું માનવામાં આવે છે કે જુલાઈ એન્ડથી બેંકોમાં આ રજાનું પાલન કરવામાં આવશે. બીજા અને ચોથા શનિવારની રજા સાથે જ હવેથી પહેલા અને ત્રીજા શનિવારે આખો દિવસ બેંકોમાં કામકાજ ચાલુ રહેશે.

# સરઢવમાં ખૂન કેસમાં આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા

## માત્ર રૂ.૨૫ ની મજુરી લેવા માટે સગાભાઇનુ ખુન કરી દીધુ હતું

ગાંધીનગર તા ૩૦

ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામમાં માત્ર ૨૫ રૂપિયા મજુરી પેટે લેવાના મામલે થયેલા ઝઘડામાં સગા ભાઈનું ખુન કરવાના કેસમાં કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખત કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત મુજબ ગાંધીનગર જિલ્લાના સરઢવ ગામમાં મજુરી કામના માત્ર ૨૫ રૂપિયાની ઉઘરાણીના મામલે આરોપી નગીન સુરાભાઈ દંતાણી તેમજ સંજય નગીન દંતાણીએ ધારીયા તેમજ લાકડી અને ધોકા વડે હુમલો કર્યો હતો. જે દરમિયાન ગંભીર ઈજાઓ થતા સંપતભાઈનું મોત નિપજયું હતું. આ બનાવ સંદર્ભે પેથાપુર પોલીસ મથકે ફરિયાદ નોધાઈ હતી. આ કેસ ગાંધીનગરની એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. માત્ર ૨૫ રૂપિયાની મામુલી રકમ માટે ઝઘડો કરીને એક વ્યક્તિને જાનથી મારી નાંખવાના ગુન્હામાં સમાજમાં દાખલો બેસે તેવી સજા કરવા કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતું. સરકારી વકીલની દલીલો તેમજ ડોકટર એફ એસ એલના અધિકારી તેમજ તપાસ કરનાર અધિકારીની જુબાનીને ધ્યાને લઈ જજ ડી એમ વ્યાસે આરોપી ને ૧૦ વર્ષની કેદની સજા તેમજ રૂપિયા ૩૦ હજાર દંડ ભોગવવા હુકમ કર્યો છે. જયારે દંડની આ રકમ પૈકી રૂ ૨૫ ૦૦૦ મરનારની વિધવાને ચુકવવા આદેશ કર્યો છે.

# ભાજપ વિધાયક દળની બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે ચર્ચા કરાઈ

ગાંધીનગર, તા. ૩૦

ભાજપ વિધાયકદળની આજે મળેલી બેઠકમાં આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીના કામે લાગી જવા માટે ધારાસભ્યોને જવાબદારીઓ સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

વિધાનસભા સંકુલ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં આગામી ઓક્ટોબર નવેમ્બરમાં યોજાનારી મહાપાલિકા, નગરપાલિકા, જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીઓ માટે કામે લાગી જવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા એક વર્ષમાં કરવામાં આવેલ ગતીશીલ ગુજરાત અંતર્ગત ગતીશીલ વિકાસની યશગાથાઓ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ધારાસભ્યોને અનુરોધ કરવામાં આવ્યો હોવાનું તેમજ અત્યારથી જ તેમના મત વિસ્તારમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની તૈયારીઓ શરૂ કરી દેવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાપ્ત વિગતો મુજબ સ્થાનિક કક્ષાએ બાકી રહેલા વિકાસકામો ઝડપથી હાથ ધરીને પૂર્ણ કરવા માટે પણ જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

# બાલકવિ સંમેલનમાં સી.એમ. વિદ્યાલયનો વંદન રાવલ રાજયકક્ષાએ દ્વિતીય સ્થાને

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરની કડી સર્વ વિદ્યાલયનો વંદન બી. રાવલે બાલકવિ સંમેલનમાં શ્રેષ્ઠ દેખાવ કરી રાજ્યકક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ છે.

શ્રી વંદન રાવલ ધો. ૧૨ના વિજ્ઞાનપ્રવાહમાં અભ્યાસ કરે છે અને તેનું એક પુસ્તક અત્યાર સુધીમાં પ્રકાશિત થઈ ચુક્યુ છે. જ્યારે બે નવલકથાઓ આગામી દિવસોમાં 'સમય' અને 'વૈદેહી' પ્રકાશન થવામાં છે.

બાલ કવિ સંમેલનમાં ગાંધીનગરનું ગૌરવ વધારનાર વંદન રાવલને રૂ. ૮ હજારનો પુરસ્કાર, પ્રમાણપત્ર તથા પુસ્તકો આપી મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે.

ગુજરાત સરકાર દ્વારા યોજાયેલ વિશ્વના પ્રથમ બાલકવિ સંમેલનમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં વંદન ભૂપેશભાઈ રાવલ રાજ્યકક્ષાએ દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે જાણીતા સાહિત્યકારો સર્વશ્રી યશવંત મહેતા, યોસેફ મેકવાન, ભાગ્યેશ જહા અને માધવ રામાનુજે સેવાઓ આપી હતી.

વંદન રાવલનું પુસ્તક પરાક્રમી પશુઓ અગાઉ પ્રસિદ્ધ થયું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને આચાર્યશ્રી બચુભાઈએ વંદન રાવલને અભિનંદન પાઠવ્યા હતા.



### રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ કૃતિ

### ગઝલ - અનાથ

જીવનનો અભેદ્ય પર્વત રોજ એકલો જ ચઢું છું,
મા-બાપ જ નથી મને મળ્યાં, હું એકલો જ સહું છું.
મળ્યું એવું કો'નથી જેને કદી કહી શકું દુઃખ,
કોઈપણ દર્દ હોય, હંમેશા હું એકલો જ બળું છું.
મૂક્યાં તેં પિતા સહારે સર્વને, હું તવ સમીપ ?
સાથે રાખવા શું ઈશ્વરને, હું એકલો જ ગમું છું ?
અભિલાષા સદા રહે છે, મા નું હેત પામવાની,
કો'ક દિવસ ક્યાંય રાત સુધી હું એકલો જ રડું છું.
સૌ કો' મૃત્યુથી ડરે છે, મોતની મને શું બીક ?
એ દેવ યમરાજને રોજ, હું એકલો જ મળું છું.
છો ને આવતાં બનીને 'નિમિત્ત' કષ્ટ જિંદગીમાં
કોઈની નથી જરૂર મારે, હું એકલો જ લડું છું.
બંધારણ : ગાગાગાલ ગાલગાગા ગાલગાલ ગાલગાલ

# આજે કૃષિ પેકેજ જાહેર થવાની સંભાવના

ગાંધીનગર, તા. ૩૦

રાજયમંત્રી મંડળની આવતીકાલે મળનારી બેઠકમાં અમરેલી સહીત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં થયેલી તારાજીથી અસરગ્રસ્ત લોકોને સહાયરૂપ થવા રાજ્ય સરકારે કોઈ રાહત સહાય પેકેજ આપે તેવી શક્યતા સેવાઈ રહી છે.

મહેસૂલ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગત સપ્તાહે અમરેલી જિલ્લામાં ભારે વરસાદ થતાં તારાજી સર્જાઈ હતી. ભારે વરસાદને કારણે કૃષીક્ષેત્ર સહીત લોકોની માલ મીલ્કતને ભારે નુકશાન થવા પામ્યું હતું.

મહેસુલના રાહત મેન્યુલના નિયમો મુજબ અસરગ્રસ્તોને સહાયો ચૂકવવામાં આવી છે. પરંતુ કૃષિક્ષેત્રે ભારે નુકશાન થયું હોય ખેડૂતોને સહાયરૂપ થવા માટે કૃષિ સહાય પેકેજ આપવામાં આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

અતીવૃષ્ટીથી અમરેલી જિલ્લામાં થયેલ નુકશાની અંગેના અહેવાલ ઉપર ચર્ચા-વિચારણા કરીને કૃષીક્ષેત્રે થયેલ નુકશાન અંગે ખેડૂતોને સહાયરૂપ થવા કૃષી સહાય પેકેજ આપવાનો નિર્ણય આવતીકાલે કેબીનેટ બેઠકમાં લેવામાં આવે તેવી શક્યતા છે.

## બેસણું



અમારા પ.પૂ. પિતાશ્રી **અંબાલાલ મણીલાલ રાવલ** (ઉનાવાવાળા) (નિવૃત્ત સંયુક્ત સચિવશ્રી)નું દુઃખદ અવસાન તા. ૨૬/૬/૨૦૧૫ને શુક્રવારના રોજ થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨/૭/૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : મહારાષ્ટ્ર સમાજ ભવન, પંચશીલ પાર્ક સોસાયટી, સેક્ટર-૨૧, ગાંધીનગર**

પ્રમોદકુમાર અંબાલાલ રાવલ (જી.ઈ.બી. ગાંધીનગર)
જયેશકુમાર અંબાલાલ રાવલ જિ.પં. સિંચાઈ વિભાગ, અમદાવાદ
વિનોદકુમાર વસંતલાલ રાવલ
મિનાક્ષીબેન વી. રાવલ
કિરણબેન પી. રાવલ
પલ્લવીબેન જે. રાવલ
ધર્મેશ વી. રાવલ
પાર્થ પી. રાવલ
ઝંખના જે. રાવલ
મેઘાબેન ડી. રાવલ
વ્રજેશ જે. રાવલ
જેનિશા ડી. રાવલ

સમીરકુમાર જે. ભટ્ટ - જમાઈ — તેજલ સમીરકુમાર ભટ્ટ — ધ્યાની
નિરવકુમાર એન. દવે - જમાઈ — ઝરણા નિરવકુમાર દવે — વૃદ્ધિ
હિરેનકુમાર ભટ્ટ - જમાઈ — હેતલ હિરેનકુમાર ભટ્ટ — વાણી

પિયરપક્ષનું બેસણું ઉપરોક્તસ્થળે અને સમય રાખેલ છે.
જાની પરિવાર (કનોડાવાળા)

# સેકટર ૭-૧ ૩માંથી નિકાલ હેઠળના ૯૫૮ પૈકી ૩૦૨ મકાનો તોડી પડાયા

## આગામી બે મહિનામાં બાકીના મકાનો પણ તોડી પડાશે

ગાંધીનગર તા ૩૦

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ ગતિ હેઠળ છે. સે-૭ અને સે-૧૩ કુલ ૯૫૮ જેટલા મકાનો તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે આ પૈકી ૩૦૨ યુનિટો તોડી નાંખવામાં આવ્યા છે. જો કે હજુ નિકાલ હેઠળના મકાનો તોડવાનું કામ પૂર્ણ થતા બે મહિનાનો સમય લાગશે.આ ઠેકાણે પણ ટાવર કોલોની બનાવવાની વાત વિચારણા હેઠળ છે.



(ફાઈલ તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડવાનું કામ ચાલી રહયું છે. વર્ષો જુના આ મકાનો ભયજનક અને ખંડેર હાલતમાં હોવાથી આમ વસાહતીઓમાં પણ ભયની લાગણી પ્રવર્તી હતી. જયારે શહેરના ૧૬ હજાર આવાસો પૈકી માર્ગ મકાન વિભાગ દ્વારા ૧૦ વર્ષ અગાઉ ૧૯૦૪ જેટલા મકાનો નિકાલ હેઠળના જાહેર કરવામાં આવ્યા હતા. જયારે આ મકાનોનો નિકાલ કરવાની નિતિ નક્કી કરવામાં દાયકાનો સમય વીતી ગયો હતો. થોડા સમય અગાઉ જ આ મકાનો તોડી પાડવાનો આખરી નિર્ણય લેવાયો હતો. જેના અંતે શહેરમાં નિકાલ હેઠળનાં મકાનો તોડી પાડવાનું કામ શરૂ કરી દેવાયું છે. સેકટર ૨૯ અને સે ૩૦ માં નિકાલ હેઠળના મકાનો તોડવાની યોજનાના અંતે આ વિસ્તારમાં ટાવર કોલોની બનાવવાનું નક્કી કરવામાં આવ્યુ છે. જયારે આગામી દિવસોમાં આ યોજના અન્વયે કામ પણ શરૂ કરી દેવાશે. શહેરના સેકટર ૭ અને સેકટર ૧૩માં નિકાલ હેઠળના કંગાળ આવાસો તોડવાનું કામ પ્રગતિ હેઠળ ચાલી રહયું છે. જેમાં સે-૭ માં ૬૩૬ જેટલા સરકારી આવાસો તોડવામાં આવશે. આ પૈકી ૨૫૨ જેટલા મકાનો તોડી

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ સહિત નવા સાત એરપોર્ટ પર ઈ-ટુરિસ્ટ વિઝા

## ઈ-ટુરિસ્ટ વિઝા હવે કુલ ૧૬ વિમાની મથકે મળશે

અમદાવાદ,તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મત વિસ્તાર વારાણસી અને અમદાવાદ સહિત વધુ સાત વિમાની મથકોને ટૂંક સમયમાં જ ઈ-વીઝા માટે એન્ટ્રી પોઈન્ટ તરીકે જાહેર કરવામાં આવશે. પ્રવર્તમાન નવ વિમાની મથકો ઉપર હાલમાં ઈ-વીઝાની સુવિધા આપવામાં આવી રહી છે. જ્યાં મંજુર કરવામાં આવેલા દેશોના લોકોને ઈ-ટુરીસ્ટ વિઝાની સુવિધા આપવામાં આવે છે. આ બેની સાથે-સાથે જયપુર, અમૃતસર, ગયા, લખનૌ અને ત્રીચી

● અનુસંધાન પાન-૭ પર

## શિક્ષકો જોઈએ છે

વિદ્યાર્થી આશ્રમ ઉનાવા સંચાલિત, શેઠશ્રી સી.સી. શાહ વિદ્યામંદિર ઉનાવામાં નીચેની લાયકાતવાળા શિક્ષકો જોઈએ છે. તો જાહેરાત પ્રસિદ્ધ થયેથી ૧૨ થી ૪ના સમયમાં નિયત ફોટા સાથેના આધારો સહિત અરજી સાથે રૂબરૂ મળવું.

(1) M.A., B.Ed. - અંગ્રેજી, ગુજરાતી, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, સંસ્કૃત
(2) M.Com., B.Ed. - એકાઉન્ટ
(3) B.Sc., B.Ed. - ગણિત, વિજ્ઞાન

રૂબરૂ મળવાનું સ્થળ
**આચાર્યશ્રી, શેઠશ્રી સી. સી. શાહ વિદ્યામંદિર**
મુ. ઉનાવા, તા.જી. ગાંધીનગર, ફોન : ૨૩૯૭૫૪૬૩
મો : ૯૮૭૯૦૯૯૦૨૨ / ૯૯૦૪૭૨૯૮૪૬

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Nirdosh
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ — ESTD. 1983
**કૈલાસ ટ્રેડર્સ** (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com